# એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલની એનએસએસ શિબિરનો પ્રારંભ





## સર્વરોગ નિદાન કેમ્પ, આંખોની તપાસ, રાહત દરે ચશ્માંનું વિતરણ, મોતિયાનાં ઓપરેશન, જ્ઞાન સાથે ગમ્મત, ચાર્ટ્સ, મૉડેલ્સ, અંધશ્રદ્ધા નિવારણ, ગ્રામસફાઈ, બેટી પઢાઓ, સ્ત્રી સશક્તિકરણ, અંગ્રેજી ભાષાશિક્ષણ, સમાજ સુધારણા કાર્યક્રમ અને નશાબંધી અંગે જાગૃતિ જેવા ઉપક્રમો યોજવાનું આયોજન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ અંગ્રેજી માધ્યમ શાળાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વાર્ષિક શિબિરનો આરંભ ગોકુલપુરાની સરકારી પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યો છે. આ શિબિરના ઉદ્દઘાટન પ્રસંગે વર્તમાન કમિશનર ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી લલિતચંદ્ર પી પાડલિયા ઉપસ્થિત રહ્યા હતા. શિબિર અંતર્ગત સ્વયંસેવકો દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ, આંખોની તપાસ, રાહત દરે ચશ્માંનું વિતરણ, મોતિયાનાં ઓપરેશન, જ્ઞાન સાથે ગમ્મત, ચાર્ટ્સ, મૉડેલ્સ, અંધશ્રદ્ધા નિવારણ, ગ્રામસફાઈ, બેટી પઢાઓ, સ્ત્રી સશક્તિકરણ, અંગ્રેજી ભાષાશિક્ષણ, સમાજ સુધારણા કાર્યક્રમ અને નશાબંધી અંગે જાગૃતિ જેવા ઉપક્રમો યોજવાનું આયોજન છે. આ શિબિરનો પૂર્ણાહુતિ સમારોહ સ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં તા. ૯ ડિસેમ્બરના રોજ સવારે ૮ કલાકે સ્કૂલ ખાતે યોજવામાં આવશે. ઉલ્લેખનીય છે કે યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના અગ્રણી ડૉ. હાર્દિક તલાટી અને સભ્યોનો સહયોગ આ શિબિર માટે વિદ્યાર્થીઓને મળી રહ્યો છે.

# શનિવારે મહિલા આઈટીઆઈમાં પ્લેસમેન્ટ-એપ્રેન્ટીસ ભરતી મેળો

ગાંધીનગર, તા. ૫

મહિલા આઈટીઆઈ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે અરવિંદ લિમિટેડ કંપની દ્વારા તારીખ ૦૭ ડિસેમ્બર ને શનિવારે સવારે ૧૦.૦૦ કલાકે મહિલા પ્લેસમેન્ટ/એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. ગારમેન્ટને લગતા આઇ.ટી.આઇ ટ્રેડસ (સુઈંગ ટેક્નોલોજી, કટીંગ એન્ડ સુઈંગ, ફેશન ડિઝાઈન એંડ ટેક્નોલોજી, ડ્રેસ મેકિંગ, ટેલરીંગ, PMKVY તથા અન્ય શોર્ટટર્મ કોર્ષ) કરેલ બહેનોની અરવિંદ લિમિટેડ કંપનીના સાંતેજ- કલોલ યુનીટ તેમજ મટોડા, બાવળા-સરખેજ હાઈવે યુનીટ માટે જરૂરિયાત હોઈ ભરતીમેળામાં ભાગ લેવા ઈચ્છુક બહેનોને જરૂરી ડોક્યુમેંટ્સ સાથે સંસ્થા ખાતે રૂબરૂ હાજર રહેવા આચાર્ય દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

### શંકરસિહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીમાં

# વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ કાર્યક્રમ





બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીમાં ગુરુવારે થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમા બ્લડ સેન્ટર અમદાવાદનાં કુ. ગ્વાલ અને તેમની ટીમે બી. ફાર્મ, એમ. ફાર્મના આશરે ૭૮ જેટલા વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કર્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં થેલેસેમિયા મેજર, માઈનર અને થેલેસેમિયા રોગ અંગેની સંપૂર્ણ માહિતી આપવાનો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ ડો. ધર્મેશ ગોલવાલાએ કર્યું હતું.

# ઝલકબા ચૌહાણ એમએસસી એગ્રી.માં દાંતીવાડા યુનિવર્સિટીમાં અવ્વલ સ્થાને

ગાંધીનગર, તા. ૫

સરદાર કૃષિનગર દાંતિવાડા એગ્રીકલ્ચર યુનિવર્સિટી ખાતે તાજેતરમાં યોજાયેલ પદવીદાન સમારોહમાં બોલુન્દ્રા, સોનગરાના વતની અને ગાંધીનગર ખાતે રહેતાં ઝલકબા યોગેન્દ્રસિંહ ચૌહાણે એમએસસી એગ્રીકલ્ચરમાં સમગ્ર યુનિવર્સિટીમાં મોખરે રહી રાજ્યપાલ અને કુલપતિ આચાર્ય દેવવ્રતજીના હસ્તે બે ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કર્યા છે. શિક્ષણ જગત તરફથી તેમને અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યાં છે.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે ડિજિટલ સ્ટડીઝ વિષયે વર્કશોપ

ગાંધીનગર, તા. ૫

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) યુનિવર્સિટી ઓફ સાસ્કાચવેનના સહયોગથી, આઈઆઈટી ગાંધીનગર કેમ્પસમાં ૮ થી ૨૨ ડિસેમ્બર, ૨૦૧૯ દરમિયાન 'વિન્ટર ઈન્સ્ટિટ્યૂટ ઈન ડિજિટલ હ્યુમેનિટીઝ' (ડબ્લ્યુઆઈડીએચ) યોજવા જઈ રહી છે. આ આંતરરાષ્ટ્રીય વર્કશોપ બંને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સંયુક્તરૂપે ડિઝાઈન અને ઓફર કરવામાં આવી છે. તેનો હેતુ ડિજિટલ સ્ટડીઝ પર આંતરશાખાકીય સંવાદ શરૂ કરવાનો છે.

આ યુગમાં, જ્યારે આપણે સંસ્કૃતિઓમાં 'ડિજિટલ ફેરફારો' જોઈ રહ્યા છીએ, ત્યારે આ વર્કશોપ આ બદલાતા રૂપને તપાસવા માટે મહત્વપૂર્ણ અભિગમો, શિક્ષણની પદ્ધતિઓ વિકસાવવા માંગે છે. શાસ્ત્રી ઈન્ડો-કેનેડિયન ઈન્સ્ટિટ્યૂટ અને ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય (એમએચઆરડી) દ્વારા સમર્થિત આ વર્કશોપ આ ક્ષેત્રમાં સૈદ્ધાંતિક વિકાસ પરના વ્યાખ્યાનો દ્વારા અને મહત્વના ડિજિટલ સાધનો અને પધ્ધતિઓ જાતે કામ કરવાની તક દ્વારા ડિજિટલ હ્યુમેનિટીઝ અંગેનો પ્રારંભિક અભિગમ પ્રદાન કરશે. આ વર્કશોપ ટેક્સ્ચ્યુઅલ વિદ્વત્તા, સોશ્યલ મીડિયા અને નૈતિકતા, ડિજિટલ મીડિયાના સિધ્ધાંતો, નેટવર્ક સોસાયટી, ડિજિટલ આર્કાઈવિંગ, ઓપન-એક્સેસ ડિજિટલ વિદ્વત્તા, ડિજિટલ ટૂલ્સ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ, વિવિધતા અને ડિજિટલ હ્યુમેનિટીઝ, ટેક્સ્ટ એન્કોડિંગ પહેલ, ભૌગોલિક માહિતી સિસ્ટમ (જીઆઈએસ), અને સ્થળલક્ષી હ્યુમેનિટીઝના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વિવિધ શૈક્ષણિક અને વ્યાવસાયિક જગતના આશરે ૨૬ વક્તાઓ ડિજિટલ સ્ટડીઝના અલગ-અલગ પાસાઓ પર વિવિધ વ્યાખ્યાનો દ્વારા તેમના દ્રષ્ટિકોણ અને કુશળતા શેર કરશે; જેમાં ચાર મુખ્ય વક્તાઓ- ધ હિન્દુ અખબારના ભૂતપૂર્વ ગ્રામીણ સંપાદક, મેગ્સેસે એવોર્ડ વિજેતા અને પીપલ્સ આર્કાઈવ ઓફ રુરલ ઈન્ડિયા (પીએઆરઆઈ)ના સ્થાપક પી સાઈનાથ; આઈઆઈએમ અમદાવાદના વિઝિટિંગ ફેકલ્ટી પ્રોફેસર અનિલ ગુપ્તા; ભુવનેશ્વરની ઉત્કલ યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રોફેસર અને સાહિત્યિક વિવેચક જતીન્દ્ર કે નાયક; ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ (ટીઆઈએસએસ), મુંબઈના ક્રિટિકલ મીડિયા પ્રેક્સિસ સેન્ટરના પ્રોફેસર અને ડીન કે પી જયશંકરનો પણ સમાવેશ થાય છે.

દેશભરના લગભગ ૪૦ વિદ્વાનો, અનુસ્નાતક વિદ્યાર્થીઓ, હ્યુમેનિટીઝ અને સમાજ વિજ્ઞાનના સંશોધકો, મીડિયા વ્યાવસાયિકો, અને ફ્રીલાન્સર્સ, ડિજિટલ સ્ટડીઝના વિવિધ પાસાઓ અંગે ચર્ચા અને ચિંતન કરવા માટે આ કાર્યશાળામાં ભાગ લેશે. સહભાગીઓ સાબરકાંઠા જિલ્લાના પુન્સરી ગામની મુલાકાત પણ કરશે અને દેશના એક સ્માર્ટ વિલેજ બનવા પાછળની તેની પહેલોને જાણવા પ્રયાસ કરશે.

# સમાજમાં સારા લોકોની સંખ્યા વધારે છે



પરિમલ ઉદ્યાનમાં યોજાયેલા સમારંભમાં સમાજની સુગંધ, પોઝિટિવ સ્ટોરીઝ પુસ્તકનું લોકાર્પણ કરતાં જાણીતા હાસ્યલેખક અને કેળવણીકાર રતિલાલ બોરીસાગરે જણાવ્યું હતું કે સમાજમાં ખરાબ કરતાં સારા લોકોની સંખ્યા વધુ છે. તેના કારણે નિરાશા થતી નથી અને જીવવાની ઈચ્છા થાય છે. જાણીતા સાહિત્યકાર અને ચિંતક કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે હકારાત્મક પત્રકારત્વ એક મહત્વની કામગીરી છે. સમાજમાં સારું કાર્ય કરતા લોકો કે સંસ્થાની વાતોને રજૂ કરવી એ પણ એક જાતની સમાજસેવા છે. પુસ્તકના લેખક રમેશ તન્નાએ પુસ્તકમાં સમાવિષ્ટ ૮૦ પોઝિટિવ સ્ટોરીના કર્મયોગીઓને સમાજ નાયકો ગણાવ્યા હતા. તેમણે દરેક સમાજનાયકનો સંક્ષિપ્તમાં પરિચય પણ આપ્યો હતો. આ પુસ્તકમાં સમાજસેવા, શિક્ષણ, પર્યાવરણ, આરોગ્ય, બાળવિકાસ, પત્રકારત્વ, ભાષા-સાહિત્ય અને કળા, મહિલા ઉત્થાન, વ્યક્તિત્વ ઘડતર વગેરે ક્ષેત્રની સ્ટોરીનું આલેખન કરાયું છે. જેમણે વિશેષ સિદ્ધિ મેળવી છે તેમના વિશે પણ લખાયું છે.

# શ્રી રોહિદાસ સેવા સમાજનું સ્નેહમિલન ૨૨મીએ યોજાશે


ગાંધીનગર, તા. ૫

સંત શ્રી રોહિદાસ સેવા સમાજ, ગુજરાતનું સ્નેહમિલન આગામી તા. ૨૨ ડિસેમ્બર ને રવિવારના રોજ યોજાઈ રહ્યું છે.

સંસ્થાના પ્રમુખ વિનોદ એન ચાવડા અને રમણલાલ જી મહેરિયા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવે છે કે આ કાર્યક્રમ અંતર્ગત તેજસ્વી તારલાઓ, ગત વર્ષ દરમિયાન નિવૃત્ત થયેલા કર્મચારી-અધિકારીઓ, નવનિયુક્ત કર્મચારી- અધિકારીઓ અને રાજ્ય, રાષ્ટ્રકક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કરનાર યુવાઓને સન્માનિત કરવામાં આવશે.

આ હેતુ ૮મી ડિસેમ્બર સુધી આ અંગેની વિગતો રોહિત સમાજના સભ્યોએ સંસ્થાને લેખિત પુરાવા સાથે મોકલી આપવી એવો તેમણે અનુરોધ કર્યો છે.

# બાળગીતો અને કથાઓનો સુંદર સંગ્રહ




**પુસ્તક પરિચય**

**નટવર હેડાઉ**

vanvihari@gmail.com



કોઈપણ ભાષાનાં વિવિધ સાહિત્યસ્વરૂપોમાં લખતા સર્જક માટે જો કોઈ સૌથી વધુ પડકાર રૂપ હોય તો તે બાળસાહિત્ય છે. અત્યંત ઝડપથી બદલાતા પરિપ્રેક્ષ્યમાં અને ટેકનીકમાં સમયે સમયે આવતાં પરિવર્તનને કારણે બાળસાહિત્યમાં વિચાર, ભાવના, મૂલ્ય અને રજૂઆત એ બધીબાબતોમાં ખૂબ મોટી ક્રાંતિ થઈ રહી છે. ટેકનીકના પરિવર્તનનો પ્રભાવ તેના સ્વરૂપ પર થતો હોય છે. બાળસાહિત્ય સર્જક માટે સૌથી મોટો પડકાર. પોતાના સમયના બાળકને મનમાં રાખીને આજના સમયના બાળકનો તેણે વિચાર કરવો પડે છે. ત્યારે નિવૃત્તિકાળમાં વધુ બળકટ રીતે પ્રવૃત્ત બનેલ સર્જકના એક મજાના પુસ્તકની વાત વાંચવી તમને જરૂરથી ગમશે.

'ચકલી કોઈને ભાળે નહીં' બાળસાહિત્ય સરજક ભરત પાઠક 'નયન'નો બીજો કાવ્યસંગ્રહ છે. જેમાં ૪૦ શિશુગીતો અને ૧૫ બાળકથા ગીતોને સમાવવામાં આવ્યાં છે. પુસ્તકનું પ્રકાશન ગુજરાત સાહિત્ય આકાદમીની આર્થિક સહાયથી કરવામાં આવ્યું છે. બધી જ રચનાઓની સાથે તેને લગતાં સ્કેચ-ચિત્રો મનમોહક અને બાળકોને વાંચવા પ્રેરે તેવાં છે. બાળ સાહિત્યકાર દેવજી થાનકી આ સંગ્રહને ઉમળકાભેર આવકારે છે અને ઉમળકો વ્યક્ત કરતાં સહજ રીતે જણાવે છે કે આ બાળગીતો લયબદ્ધ અને ગેય છે. બાળકથા ગીતોની રજૂઆત કાંઈક મઝા પડે તેવી રસમય બની છે.

'ચકલી કોઈને ભાળે નહીં' શિર્ષ વ્યંગાત્મક અને બેનમૂન છે. સાદું અને સરળ લાગતું શિર્ષક ઘણું સૂચક છે. તે વાતની પુષ્ટિ કરતાં સર્જકની સર્જનયાત્રાને આલેખતાંત બાળ સાહિત્યના પોષક, પ્રેરક અને પ્રોત્સાહક એવા રવજી ગાબાણી સાચું જ કહે છે કે 'માણસ તરીકે આપણને બીજું કંઈ દેખાતું નથી કે બીજાની કંઈ પડી નથી. આપણે ચકલીને નથી ભાળતા. કારણ કે આપણે એને નામશેષ કરી નાખી છે. સંગ્રહની એક કવિતા 'ચકલી કોઈને ભાળે નહીં'ને શિર્ષક તરીકે પ્રયોજે છે. ભાઈ-બહેન ચકલીને ચીતરે છે. આંખ ચીતરવાની બાકી રહેતાં ચકલી કોઈને ભાળતી નથી. જો કે સંગ્રહની ઊડીને આંખે વળગતી વિશેષતા તેનાં બાળકથા ગીતો છે. કવિને જીવસૃષ્ટિમાં પરમ ચૈતન્ય સમાં નાના-નાનાં પશુ-પક્ષીઓની અપાર ચિંતા છે. તેથી કબૂતરાં શું કરશે ? મોરનાં આંસુ લૂછ્યાં, મૂછોવાળો ઉંદર, તખુ વાંદરો, તખી વાંદરી, ખૂંટનું ધીંગાણું જેવી સુંદર રચનાઓ મળે છે. તો વ્યાકરણ અને ભાષાની વાત સહજ રીતે કવિએ ગીતોમાં કરી છે. 'ટમકૂડી' નાની વાતમાં સ્વચ્છતાનો મોટો પાઠ આપણને ભણાવે છે. બાળકોની ટોળી, મેઘરાજા, પશુ-પક્ષીઓના અવાજને રજૂ કરતી કવિતા 'કલરવ કરતાં જુદાં મન' મોરનાં આંસુ લૂછવામાં ઢેલનું રીસાવું અને મોરના મનામણાં નાનાં સાથે મોટાંઓને પણ આનંદ કરાવે તેવી રચનાઓ છે. વનસ્પતિના ગુણો અને ઉપચારની વાત ભારે હળવાશથી કવિ આપણને ગળે ઉતારી દે છે. જેમ કે

લીમડો લાગે કડવો કડવો
કડવાભાઈ એનું નામ
છાંયો એનો શીતળ લાગે
કરે ઔષધનું કામ

તો વળી દુનિયાનાં તમામ બાળકોની કાલીઘેલી ફરિયાદને કવિએ માતા-પુત્રના પ્રેમને સુંદર રીતે વ્યક્ત 'માં મને...'માં કરી છે. તખુ વાંદરો-તખી વાંદરી અને ખૂંટનું ધીંગાણું જેવી રચનાઓમાં અવારનવાર ઘટતી રમૂજપ્રેરક ઘટનાઓનું ચિત્રણ કવિએ કર્યું છે. છેલ્લે સુંદર પ્રાર્થના ગીત 'હરિવર' છે. 'ચકલી કોઈને ભાળે નહીં'ના કવિ ભરત પાઠક 'નયન' ગાંધીનગરના સરગાસણ ખાતે વસે છે. મૂળ ભાવનગરના વતની એવા કવિનો 'છેવટે લખવું પડ્યું' કાવ્યસંગ્રહ અગાઉ પ્રગટ થઈ ચૂક્યો છે. બાળસાહિત્યમાં નાનાં ભૂલકાઓ માટે આવાં સુંદર બાળગીતો અને બાળકથા ગીતો આપવા બદલ કવિને અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

**ચકલી કોઈને ભાળે નહીં (બાળગીતો અને બાળકથા ગીતો)**
લેખક : ભરત પાઠક 'નયન'
પ્રકાશક, વિક્રેતા : જૉય એન્ટરપ્રાઈઝ, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૭, કિંમત : રૂા. ૧૦૦/-

## ડાયરેક્ટ ❤ સે

સમય બદલાય છે જિંદગી સાથે
જિંદગી બદલાય છે સમય સાથે
સમય નથી બદલાતો
આપણી સાથે
આપણા બદલાય છે
સમય સાથે

## જન્મદિને વધામણી



માનિતા
નિકુંજકુમાર ભાવસાર

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# હેલ્મેટનું પત્યુ સીટબેલ્ટમાં રાહત ક્યારે..?

ગાંધીનગર, તા. ૫

રાજ્ય સરકારે બે પૈડાવાળા લાખો વાહનચાલકોને શહેરી વિસ્તારમાં હેલ્મેટ ફરજિયાત પહેરવામાં રાહત આપીને છૂટછાટ આપીને મરજિયાત બનાવી છે ત્યારે મોટા શહેરોમાં ફોર વ્હીલ ચલાવતાં કાર ચાલકોને પણ સીટબેલ્ટમાં એવી જ રાહત આપવાની લાગણી જોવા મળી રહી છે. નાગરિકો એવી લાગણી વ્યક્ત કરી રહ્યા છે કે અમદાવાદ જેવા મોટા શહેરોમાં ભરચક ટ્રાફિકમાં મોટરકાર માંડ ૨૦ની સ્પીડે ચલાવવી પડતી હોય છે. ત્યારે અકસ્માતની શક્યતા ખૂબ ઓછી રહેતી હોય શહેરી વિસ્તારમાં પણ સીટબેલ્ટ બાંધવાની નિયમમાં રાહત આપીને તેને મરજિયાત કરવામાં આવે તો કારચાલકોને રાહત મળી શકે. અલબત હાઈવે પર સીટબેલ્ટ ફરજિયાતમાં કોઈ રાહત આપવાની જરૂર નથી.